શ્રીગુરૂભ્યો નમઃ

॥ સામાયિક સૂત્રમ્ ॥

વિધિ સંયુક્ત

પૂજ્ય જૈનધર્મોપદેષ્ટા જ્ઞાનાંભોનિધિ વિદ્વદ્વર્ય
શ્રીમાન આચાર્ય શ્રી કૃપાચંદ્રજી મહારાજના શિષ્ય
શ્રી પં૦ જીનસાગરજીના ઉપદેશથી છપાવી

પ્રસિદ્ધ કરનાર.

ઝવેરી ભુરામલજી જયપુરવાલા.

સંવત ૧૯૭૨. સને ૧૯૧૬.

વિના મૂલ્ય.

પંચપ્રતિક્રમણ સૂત્ર.

આ પુસ્તકની અંદર નવસ્મરણ પુન્યપ્રકાશનું સ્તવન તથા જીવવિચાર નવતત્વ દંડક સંઘયણી આદિ ચાર પ્રકરણોનો પણ પ્રવેશ કરેલ છે તેમજ પોકેટ (ખીસામાં રાખી શકાય તેવી) સાઇઝમાં હોવાથી લેનાર માણસને ઘણીજ પ્રિય થઇ પડે તેવી છે. વળી મોટા ટાઈપ અને ચીકણા કાગળોથી ગુજરાતી ટાઇપમાં હોવાથી દરેક જૈનબંધુ લાભ લઇ શકે તેમ ધારી આઠ ફારમનુ પુસ્તક હોવા છતાં કીંમત માત્ર ચાર આના રાખેલ છે. એક સાથે સો મંગાવનારને સેંકડે ૧૦ ટકા કમીશન આપવામાં આવશે.

મળવાનું ઠેકાણું.

શા. માનચંદ વેલચંદ

ગોપીપુરા બડેખાં ચકલા

સુરત.

श्री जिनदत्तसूरि गुरुभ्यो नमः

શાસ્ત્રોકત શ્રાવકસ્ય સામાયકવિધિ

॥ અથ નવકાર મંત્ર ॥

॥ ણમો અરિહંતાણં ॥ ૧ ॥ ણમો સિદ્ધાણં ॥ ૨ ॥ ણમો આયરિયાણં ॥ ૩ ॥ ણમો ઉવજ્ઝાયાણં ॥ ૪ ॥ ણમો લોએ સવ્વ સાહૂણં ॥ ૫ ॥ એસો પંચ ણમુક્કારો ॥ ૬ ॥ સવ્વ પાવપ્પણાસણો ॥ ૭ ॥ મંગલાણંચ, સવ્વેસિં ॥ ૮ ॥ પઢમં હવઇ મંગલં ॥ ૯ ॥ ॥ ઇતિ ॥ ૧ ॥

આ નવકાર ત્રણવાર ગણીને સ્થાપનાજીની સ્થાપના કરવી. ત્યારે તેર બોલ ચિંતવવા તે લખીયે છે.

॥ અથ સ્થાપનાચાર્યજીની તેર પડીલેહણા ॥

શુદ્ધ સ્વરૂપ ધારૂં ॥ ૧ ॥ જ્ઞાન ॥ ૧ ॥ દર્શન ॥ ૨ ॥ ચારિત્ર ॥ ૩ ॥ સહીત સદહણા શુદ્ધિ ॥ ૧ ॥ પ્રરૂપણા શુદ્ધિ ॥ ૨ ॥ દર્શન શુદ્ધિ ॥ ૩ ॥

સહિત પાંચ આચાર પાલું ॥ ૧ ॥ પલાવું ॥ ૨ ॥ અનુમોદું ॥ ૩ ॥ મનોગુપ્તિ ॥ ૧ ॥ વચનગુપ્તિ ॥ ૨ ॥ કાયગુપ્તિ ॥ આદરૂં ॥ ૩ ॥ આ તેર બોલ શ્રી ધર્મરત્ન પ્રકરણ સૂત્રવૃત્તિમાં કહ્યા છે ॥ ઇતિ ॥ ૨ ॥

પછી ગુરૂજીની સામે અથવા સ્થાપનાચાર્યની સામે ઉભા થઇને ત્રણ ખમાસમણ આપવા તે લિખીએ છીએ.

॥ અથ ખમાસમણ ॥

॥ ઇચ્છામિ ખમાસમણો ॥ વંદિઉં, જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણં વંદામિ ॥ ૩ ॥ ઇતિ ॥

॥ અથ સુગુરૂને સાતા સુખપૃચ્છા ॥

॥ ઇચ્છકાર ભગવન ! સુહરાઇ, સુહ દેવસી, સુખ તપ શરીર નિરાબાધ સુખ સંયમ યાત્રા નિર્વહોછોજી ? સ્વામી શાતા છેજી ? ॥ ઇતિ ॥ ૪ ॥ એમ ગુરૂને કહી નમસ્કાર કરે તે વારે ગુરૂ કહે દેવગુરૂ પ્રસાદ ॥

॥ પછી નીચે બેસીને જમણો હાથ ચરવળા ઉપર સ્થાપી અબ્ભુઠિઓમિ કહેવો.

ઇચ્છાકારેણ સંદિસ્સહ ભગવન ? અબ્ભુઠિઓમિ અબ્ભિંતર દેવસિયં ખામેઉં ? ઇચ્છં ખામેમિ દેવસિયં, જંકિંચિ અપત્તિઅં, પરપત્તિઅં ભત્તે પાણે વિણયે વેઆવચ્ચે, આલાવે સંલાવે, ઉચ્ચાસણે સમાસણે, અંતરભાસાએ ઉવરિભાસાએ, જંકિંચિ મજઝ વિણય પરિહિણં સુહુમંવા બાયરંવાતુબ્ભે જાણહ અહં ન જાણામી તસ્સ મિચ્છામિ દુક્કડં ॥ ઇતિ.

પછી ખમાસમણ દઇને ઇચ્છાકારેણ સંદિસ્સહ ભગવન ! સામાયિક લેવા મુહપત્તી પડિ લેહું ? ગુરૂ કહે, પડિ લેહે, પછી ઇચ્છં કહી બીજું ખમાસમણ દઈ મુહપત્તી પડિ લેહવી ॥

॥ અથ મુહપત્તી પડિલેહણના પચ્ચીસ બોલ લખીએ છીએ ॥

॥ સૂત્ર અર્થ સાચો સરદહું ॥ ૧ ॥ સમ્યકત્વ મોહની ॥ ૨ ॥ મિશ્યાત્વ મોહની ॥ ૩ ॥

મિશ્ર મોહની ॥ ૪ ॥ પરિહરૂં, આ ચાર બોલ મુહપત્તી ખોલતી વખતે કહેવા ॥

॥ કામ રાગ ॥ ૧ ॥ સ્નેહ રાગ ॥ ૨ ॥ દ્રષ્ટિ રાગ ॥ ૩ ॥ આ સાત બોલ પ્રથમ કહેવા ॥

॥ સુગુરૂ ॥ ૧ ॥ સુદેવ ॥ ૨ ॥ સુધર્મ ॥ ૩ ॥ આદરૂં ॥ કુગુરૂ ॥ ૧ ॥ કુદેવ ॥ ૨ ॥ કુધર્મ ॥ ૩ ॥ પરિહરૂં ॥જ્ઞાન ॥૧॥ દર્શન ॥ ૨ ॥ ચારિત્ર ॥૩॥ આદરૂં ॥ આ નવ પડિલેહણ ડાબે હાથે કરવી ॥

॥ જ્ઞાન વિરાધના ॥ ૧ ॥ દર્શન વિરાધના ॥ ૨ ॥ ચારિત્ર વિરાધના ॥ ૩ ॥ પરિહરૂં ॥ મનો-ગુપ્તિ ॥ ૧ ॥ વચનગુપ્તિ ॥ ૨ ॥ કાયગુપ્તિ ॥ ૩ ॥ આદરૂં ॥ મનોદંડ ॥ ૧ ॥ વચનદંડ ॥ ૨ ॥ કાય-દંડ ॥ ૩ ॥ પરિહરૂં આ નવ પડિલેહણ જમણા હાથે કરવી ॥ આ પચ્ચીસ બોલ મુહપત્તીના જાણવા ॥

॥ અથ અંગની પચ્ચીશ પડિલેહણા લખિયે છીયે ॥

કૃષ્ણ લેશ્યા ॥ ૧ ॥ નીલ લેશ્યા ॥ ૨ ॥ કાપોત લેશ્યા ॥ ૩ ॥ આ ત્રણ નિલાડે મસ્તકે પરિહરૂ ॥

ઋદ્ધિગારવ ॥ ૧ ॥ રસ ગારવ ॥ ૨ ॥ શાતા ગારવ ॥ ૩ ॥ આ ત્રણ મુખે પરિહરૂં

॥ માયાશલ્ય ॥ ૧ ॥ નિયાણાશલ્ય ॥ ૨ ॥ મિથ્યા દંસણ શલ્ય ॥ ૩ ॥ આ ત્રણ હૃયે (હૃદયે) પરિહરૂં ॥

॥ ક્રોધ ॥ ૧ ॥ માન ॥ ૨ ॥ આ બે જમણે ખંભે પરિહરૂં ॥

॥ માયા ॥ ૧ ॥ લોભ ॥ ૨ ॥ આ બે ડાબે ખંભે પરિહરૂં ॥

॥ હાસ્ય ॥ ૧ ॥ રતિ ॥ ૨ ॥ અરતિ ॥ ૩ ॥ આ ત્રણ ડાબે હાથે પરિહરૂં ॥

॥ ભય ॥ ૧ ॥ શોક ॥ ૨ ॥ દુગંચ્છા ॥ ૩ ॥ આ ત્રણ જમણે હાથે પરિહરૂં ॥

॥ પૃથ્વીકાય ॥ ૧ ॥ અપ્પકાય ॥ ૨ ॥ તેઊ-કાય ॥ ૩ ॥ આ ત્રણ ડાબે પગે પરિહરૂં ॥

॥ વાઊકાય ॥ ૧ ॥ વનસ્પતિકાય ॥૨॥ ત્રસ-કાય ॥ ૩ ॥ આ ત્રણ જમણે પગે પરિહરૂં ॥ ઇતિ મુહપત્તિ પડિલેહણા સંપૂર્ણા ॥ ૫ ॥

પછી ઉભા થઇને ઇચ્છામિખમાસમણનો પાઠ કહીને ઇચ્છાકારેણ સંદિસ્સહ ભગવન્! સામાયિક સંદિસ્સાવું? ગુરૂ કહે સંદિસ્સાવેહ ॥ પછી ઇચ્છં કહીને ફરી ખમાસમણ દઇને ઇચ્છા૦ ॥ સં૦ ભગ૦ ॥ સામાયિક ઠાઉં? ગુરૂ કહે ઠાએહ પછી ઇચ્છં કહી ખમાસમણ દઇ ઉભા થઇ થોડા નમીને ત્રણ નવકાર ગણી ઇચ્છાકારેણ સદિસ્સહ ભગવન્! પસાઉ કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી ॥ ગુરૂ કહે ઉચ્ચરાવેમો ॥ પછી કરેમિભંતે સામાઇયં ઇત્યાદિ સામાયિક સૂત્ર ત્રણવાર કહેવું ॥

॥ અથ સામાયિકનું પચ્ચખ્ખાણ ॥

॥ કરેમિ ભંતે સામાઇય, સાવજ્જ જોગં પચ્ચખ્ખામિ ॥ જાવ નિયમં પજ્જુવા સામિ ॥ દુવિહં તિવિહેણં મણેણં વાયાએ, કાએણં ન કરેમિ ન કારવેમિ, તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ ॥ ઇતિ ॥૬॥

પછી ખમાસમણ દઇને ઇચ્છાકારેણ સંદિ-

સ્સાહ ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિ ॥ ગુરૂ કહે, પડિક્કમેહ, પછી ઇચ્છં કહી ॥ ઇચ્છામિ પડિક્કમિઉં ઇરિયા વહિયાએ ઇત્યાદિ પાઠ કહેવો, તે લખીએ છીએ.

॥ અથ ઇરિયા વહિયં ॥

॥ ઇચ્છાકારેણ સંદિસ્સહ ભગવન્ ! ઇરિયા વહિયં પડિક્કમામિ ॥ ઇચ્છં ઇચ્છામિ પડિક્કમિઉં ॥ ૧ ॥ ઇરિયા વહિયાએ વિરાહણાએ ॥ ૨ ॥ ગમણાગમણે ॥ ૩ ॥ પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે ઓસા ઉત્તિંગ પણગ દગ મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ॥ ૪ ॥ જે મે જીવા વિરાહિયા ॥ ૫ ॥ એગિંદિયા બેઇંદિયા તેઇંદિયા ચઉરિંદિયા પંચિંદિયા ॥ ૬ ॥ અભિહયા વત્તિયા લેસિયા સંઘાઇયા સંઘટ્ટિયા પરિયાવિયા ॥ કિલામિયા ઉદ્દવિયા ઠાણાઓઠાણં સંકામિયા જીવિયાઓ વવરોવિયા ॥ તસ્સ મિચ્છામિ દુક્કડં ॥ ૭ ॥ ઇતિ.

॥ અથ તસ્સ ઉત્તરી ॥

॥ તસ્સઉત્તરીકરણેણં ॥ પાયચ્છિત્ત કરણેણં

॥ વિસોહી કરણેણં ॥ વિસલ્લી કરણેણં ॥ પાવાણં કમ્માણં ॥ નિગ્ઘાયણ ઠાએ ॥ ઠામિ કાઉસ્સગ્ગ ॥ ૮ ॥

॥ અથ અન્નત્થ ઉસસિએણં ॥

અન્નત્થ ઉસસિએણં નીસસિએણં ખાસિએણં છીએણં જંભાઇએણં ઉડ્ડુએણં વાયનિસગ્ગેણં ભમલિએ પિત્તમુચ્છાએ ॥ ૧ ॥ સુહુમેહિં અંગ સંચાલેહિં ॥ સુહુમેહિં ખેલ સંચાલેહિં ॥ સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ॥ ૨ ॥ એવમાઇએહિં આગારેહિં ॥ અભગ્ગો અવિરાહિઓ ॥ હુજ્જ મે કાઉસ્સગ્ગો ॥ ૩ ॥ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ ॥ ૪ ॥ તાવકાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ ॥ ૫ ॥ ઇતિ ॥ ૯ ॥

અહીયાં ચાર નવકાર અથવા એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો, પછી નમોઅરિહંતાણં કહીને કાઉસ્સગ્ગ પારીને મુખથી પ્રગટ લોગસ્સ કહેવો, તે લખીએ છીએ. ॥

॥ અથ લોગસ્સ ॥

॥ લોગસ્સ ઉજ્જોઅગરે ॥ ધમ્મતિત્થયરે જિણે ॥ અરિહંતે કિત્તઇસ્સં ॥ ચઉવીસંપિ કેવલી ॥ ૧ ॥ ઉસભ મજિઅં ચ વંદે ॥ સંભવમભિણંદણં ચ સુમઇં ચ ॥ પઉમપ્પહં સુપાસં ॥ જિણં ચ ચંદપ્પહં વંદે ॥ ૨ ॥ સુવિહિં ચ પુફ્ફદંતં ॥ સીઅલ સિજ્જંસ વાસપુજ્જં ચ વિમલ મણંતં ચ જિણં ॥ ધમ્મં સંતિં ચ વંદામિ ॥ ૩ ॥ કુંથું અરં ચ મલ્લિં ॥ વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ વંદામિ રિટ્ઠનેમિં ॥ પાસંતહ વદ્ધમાણંચ ॥ ૪ ॥ એવંમએ અભિથુઆ ॥ વિહુયરયમલા પહીણજરમરણા ॥ ચઉવીસંપિ જિણવરા ॥ તિત્થયરા મે પસીયંતુ ॥ ૫ ॥ કિત્તિયવંદિયમહિયા ॥ જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા ॥ આરૂગ્ગ બોહિલાભં ॥ સમાહિવર મુત્તમંદિંતુ ॥ ૬ ॥ ચંદેસુ નિમ્મલયરા આઇચ્ચેસુ અહિયં પયાસયરા ॥ સાગરવરગંભીરા ॥ સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥ ૭ ॥ ઇતિ ॥ ૧૦ ॥

પછી ખમાસમણ દઇને ઇચ્છા૦ ॥ સં ॥ ભગવન્ ! બેસણો સંદિસ્સાવું ? ગુરૂ કહે સંદિસ્સાવેહ ॥ પછી ઇચ્છં કહીને વલી ખમાસમણ દઇને ॥ ઇચ્છા૦ સં૦ ભગવન્ ! બેસણે ઠાઉં ? ગુરૂ કહે ઠાએહ ॥ ફરી ઇચ્છં કહીને ખમાસમણ દઇને ઇચ્છા૦ સં૦ ભ૦॥ સજ્ઝાય સંદિસ્સાવું ? ગુરૂ કહે સંદિસ્સાવેહ ॥ પછી ઇચ્છં કહીને વલી ખમાસમણ આપીને ઇચ્છા૦॥ સં૦॥ ભ ૦॥ સજ્ઝાયકરૂં ? ગુરૂ કહે કરેહ ॥ પછી ઉભા થઇને સજ્ઝાયના આઠ નવકાર ગણે તથા જો શીત કાલાદિ હોય તો ખમાસમણ દઇને ઇચ્છા ૦॥ સં ૦॥ ભ૦॥ પાંગરણો સદિસ્સાવું? ગુરૂ કહે સંદિસ્સાવેહ ॥ પછી ઇચ્છં કહીને ખમાસમણ દઇને ઇચ્છા૦ સં૦ ભ ૦ પાંગરણો પડિગ્ગાહું ? ગુરૂ કહે પડિગ્ગાહેહ ॥ પછી ઇચ્છં કહી વસ્ત્ર ગ્રહણ કરવું તથા સામાયિકવંત અથવા પોસાસહિત શ્રાવક વાંદતો વંદામો એમ કહેવું, અને જો કોઇ બીજો વાંદતો સિજ્ઝાય કરેહ. એ પ્રમાણે કહેવું ॥ ઇતિ સામાયિક વિધિ ॥

૧ અથ સામાયિક પારવાની વિધિ.

ખમાસમણ દઇ ઈચ્છા૦ સંદિ૦ ભ૦ સામાયિક પારવા મુહુપત્તિ પડિ લેહું, ગુરૂ કહે પડિ

---

૧ અથ સામાયિકના બત્રીશ દોષ લખીયે છીયે.

પ્રથમ મનનાં દશ દોષ કહે છે. ૧ વૈરી દેખી રીસ કરે. ૨ અવિવેક ચિંતવે, ૩ અર્થ ન ચિંતવે, ૪ મનમાં ઉદ્વેગ ધરે. ૫ યશની વાંછા કરે, ૬ વિનય ન કરે, ૭ ભય ચિંતવે, ૮ વ્યાપાર ચિંતવે, ૯ ફલનો સંદેહ રાખે, ૧૦ નિયાણું કરે.

હવે વચનનાં દશ દોષ કહે છે.

૧ કુવચન બોલે, ૨ હુકારા કરે, ૩ પાપ આદેશ દીએ, ૪ લવારો કરે, ૫ કલહ કરે, ૬ આવો જાવ કહે, ૭ ગાળ બોલે, ૮ બાલક રમાડે, ૯ વિકથા કરે, ૧૦ હાંસી કરે, હવે કાયાના બાર દોષ કહે છે.

૧ આસન ચપલ, ૨ ચારે દિશાયે જુવે, ૩ સાવદ્ય કામ કરે, ૪ આલસ મરડે, ૫ અવિનયે બોલે ૬ અંઠેલી બેસે, ૭ મેલ ઉતારે, ૮ ખરજ ખણે, ૯ પગ ઉપર પગ ચડાવે, ૧૦ અંગ ઉઘાડું મુકે, ૧૧ અંગ ઢાંકે, ૧૨ ઉંઘે. એ બત્રીશ દોષ સામાયિકનાં જાણવા.

લેહેહ ઇચ્છં કહી ખમાસમણ દઈ મુહપત્તિ પડલેહવી. પછી ખમાસમણ દઇ, ઇચ્છા૦ સંદિ૦ ભ૦ સામાકિક પારૂં? ગુરૂ કહે પુણાવિ કાયવ્વો, પછી યથાશક્તિ કહી, ખમાસમણ દઇ ઇચ્છા૦ સંદિ૦ ભ૦ સમાયિક પાર્યું, ગુરૂ કહે આયરો નમો તવ્વો, પછી તહત્તિ કહી. ત્રણ નવકાર ગણી. ખમાસમણ દઇ. જમણો હાથ ગુરૂ સામે કરી નીચે મુકી કહે. ઇચ્છા૦ સંદિ૦ ભ૦ સામાયિક પારવા ભાવના ગાથા ભણું. ગુરૂ કહે ભણેહ ઇચ્છં કહી ભયવં દસન્ન ભદ્દો ઇત્યાદિ ભાવના ગાથા કહેવી.

॥ અથ સામાયિક પાળવાની ગાથા ॥

॥ ભયવંદસન્ન ભદ્દો સુદંસણો થૂલિભદ્દ વયરોય, ॥ સફલીકય ગિહચાયા, સાહૂ એવં વિહાહુંતિ ॥ ૧ ॥ સાહૂણ વંદણેણં નાસઇ પાવં અસંકિયા ભાવા ॥ ફાસુઅ દાણે નિજ્જર, અભિગ્ગાહો નાણ માઇણં ॥ ૨ ॥ છઉમત્થો મૂઢમણો, કિત્તિય મિત્તંપિ સંભરઈ જીવો ॥

જંચ ન સંભરામિ અહું, મિચ્છામિ દુક્કડં તસ્સ ॥ ૩ ॥ જં જં મણેણ ચિંતિય, મસુહું વાયા ઇભાસિયં કિંચિ ॥ અસુહું કાએણં કયં, મિચ્છામિ દુક્કડં તસ્સ ॥ ૪ ॥ સામાઇચ પોસહસંઠિયસ્સ જીવસ્સ જાઇજો કાલો ॥ સો સફ્લો બોધવ્વો, સેસો સસાર ફલહેઊ ॥ ૫ ॥ સામાયિક વિધે લિધું વિધે કીધુ, વિધિ કરતાં અવિધિ આશાતના લાગી હોય, દશ મનના, દશ વચનના, બાર કાયાના, બત્તીસ દુષણમાંહિ જો કોઇ દુષણ લાગ્યું હોય, તે સહુ મને કરી, વચને કરી અને કાયાયેં કરી મિચ્છામિદુક્કડં ॥ ઇતિ ॥ સામાયિક પારવાની ગાથા. ॥

॥ અથ જીવવિચારનું સ્વરૂપ લખીયે છીયે ॥

જીવનાં બે ભેદ.

૧ સંસારીનાં જીવ. ૨ સીદ્ધનાં જીવ

સંસારીનાં બે ભેદ.

૧ ત્રસનાં જીવ. ૨ સ્થાવરનાં જીવ.

ત્રસનાં ચાર ભેદ

૧ બેઇંદ્રિનાં જીવ   ૨ તેંઇંદ્રિનાં જીવ
૩ ચૌરીંદ્રિનાં જીવ   ૪ પંચેંદ્રિના જીવ

સ્થાવરનાં પાંચ ભેદ

૧ પૃથ્વીનાં જીવ   ૨ પાણીનાં જીવ
૩ અગ્નીનાં જીવ   ૪ વાયુનાં જીવ
૫ વનસ્પતીનાં જીવ.

૧ પૃથવીકાયનાં ભેદ કહે છે.

સ્ફટિકરત્ન, મણીરત્ન, પરવાલાં, હીંગલો, હરતાલ મણસિલ, પારો સોનું, કનકાદિક ધાતુ સાત છે. સોનું, રૂપુ, ત્રાંબુ, લોહું સીસું, જસત કથીર, હરમજી માટી, અરણેટા પાષાણ, પલેવા પાષાણ, અભરખ, તુરીમાટી, ખારો, માટીની-જાત ઇત્યાદિ પૃથિવિકાયના ભેદ જાણવા, ॥ ૧ ॥

૨ અપકાયનાં ભેદ કહે છે.

ભુમિનું પાણી, વરસાદનું પાણી, જાકલનું પાણી, હિમનું પાણી, કરાનું પાણી, લીલી-

વનસ્પતી ઉપરનું પાણી, ઘનોદધિપાણી. આદિ દેઇ અપકાયનાં ભેદ જાણવા ॥ ૨ ॥

૩ તેઉકાયનાં ભેદ કહે છે.

અંગારાની અગ્નિ, જવાલાની અગ્નિ, મુરમુરની અગ્નિ, ઉલકાપાતની અગ્નિ, વજ્રની અગ્નિ, વિજલીની અગ્નિ આદિદેઇ તેઉકાયના ભેદ જાણવા ॥

૪ વાઉકાયનાં ભેદ કહે છે.

ઉદભ્રામક વાયરો, ઉત્કલિક વાયરો, મંડલિક વાયરો, મોટો વાયરો શુધ્ધ વાયરો, ગુંઝારવ કરે તે વાયરો ધનવાત, તનવાત આદિદેઇ વાઉકાયનાં ભેદ જાણવા. ॥ ૪ ॥

૫ વનસ્પતિકાયનાં ભેદ કહે છે.

૧ સાધારણ વનસ્પતિ ૨ પ્રત્યેક વનસ્પતિ.

॥ સાધારણ વનસ્પતિના ભેદ કહે છે.

સર્વજાતનાં કંદ, સર્વજાતનાં કુંપલ, પાંચ જાતની સેવાલ, ભુમિફોડા, અલ્હાત્રેક (આદુ-

લીલીહુલદર અને કચુરો) ગાજર મોથ, વથુલાનીભાજી, થેગનીભાજી, સર્વજાતના પાલા, કોમલફલ, સર્વે ગુપ્ત છે સીરા સાંધ પર્વ જેનાં એવાં થુઅર, કુંઆર, ગુગલ, ગલો પ્રમુખ છેદ્યા થકી ઉગે તેને સાધારણ વનસ્પતિ કહીયે ॥ ૧ ॥

૨ પ્રત્યેક વનસ્પતિનાં ભેદ કહે છે.

એક શરીરમાં એક જીવ હોય જેને વિષે તેને પ્રત્યેક વનસ્પતિ કહીયે તે ફલ, ફુલ, છાલ કાષ્ટ, મુલ, પાન, બીજ, એ સાત સ્થાનકે એક એક જીવ હોય તેને પ્રત્યેક વનસ્પતિ કહીયે. એ પાંચ સ્થાવરનાં ભેદ કહ્યા.

બેંદ્રિના ભેદ કહે છે.

સંખ કોડા ગંડોલા, જલો. ચંદણ-એટલે ચંદણીયા, અલસીઆ, લાળીયા લાકડાનાં કીડા કીરમીઆ પુરા, એ આદિદેઇ બેંદ્રીના જીવ જાણવા

તેંદ્રિનાં ભેદ કહે છે.

કાનખજુરા, માકડ, જુ, કીડી, ઉધેઈ, મંકોડા, એલ, ધીમેલ, સાવા, ગીંગોડા, ગદહિઆ

છાણના કીડા, વિષ્ટાના કીડા ધનેડા, કુંથુઆ ગોપાલીક, ખાંડની એલ, ઇંદ્રિગોપાદિ (મે માખા) આદિ દેઇ તેંદ્રિના જીવ જાણવા.

ચૌરિંદ્રિનાં ભેદ કહે છે.

વિચ્છુ, ઢિંકણ ભમરા, ભમરી તીડ, માખી ડાંસ, મચ્છર કંસારી કરોલીયા આદિદેઇ ચૌરિંદ્રિનાં ભેદ જાણવા.

પંચેંદ્રિના ચાર ભેદ

૧	નારકી,	૩	મનુષ્ય.
૨	તીર્યંચ.	૪	દેવતા.

નારકીનાં સાત ભેદ.

ગોત્રનાં નામ.	નારકીનાનામ
રત્નપ્રભા.	ધમ્મા.
શર્કરાપ્રભા.	વંસા
વાલુકાપ્રભા.	સેલા.

પંકપ્રભા	અંજણા.
ધુમપ્રભા.	રિઠા.
તમપ્રભા.	મઘા
તમસ્તમપ્રભા.	માઘવતિ.

તીર્યંચના ત્રણ ભેદ.

૧ જલચર, ૨ થલચર, ૩ ખેચર,

૧ જલચરના પાંચ ભેદ કહે છે.

૧ સુસુમાર, ૨ મચ્છ, ૩ કાચબા, ૪ જલતંતુ, ૫ મગરમચ્છ.

સ્થલચરના ત્રણ ભેદ.

ઉરપરિસર્પ	સર્પની જાતિ
ભુજપરિસર્પ	નોલીયા, ઉંદર, પ્રમુખ
ચતુષ્પદ.	ગાય, ભેસ આદિ

ખેચરના બે ભેદ

રોમપંખી. ચરમપંખી. મનુષ્યલોકથી બહાર સમુગપંખી અને વીતંતપંખી.

મનુષ્યની મુખ્ય ત્રણ જાતી છે. તેની ઉત્તરજાતિ ૧૦૧ મનુષ્યક્ષેત્ર જાણવા.
૧૫ કર્મ ભુમિ, ૩૦ અકર્મભુમિ, ૫૬ અંતરદ્વીપ.

હવે પંદર કર્મભુમિ કહે છે

પાંચ ભરત, પાંચ ઐરવત. પાંચ મહાવિદેહ

હવે ત્રીશ અકર્મભુમિ કહે છે.

પાંચ હેમવત ક્ષેત્ર	પાંચ હરીવર્ષ ક્ષેત્ર
પાંચ રમ્યકક્ષેત્ર	પાંચઐરણ્યવત ક્ષેત્ર
પાંચ દેવકુરૂ ક્ષેત્ર	પાંચ ઉત્તરકુરૂ ક્ષેત્ર

હવે છપન અંતરદ્વિપ કહે છે.

ચુલહેમવંતપર્વત અને સિખરિપર્વત. એ બે પર્વતની પુર્વે અને પશ્ચિમે લવણસમુદ્રમાં બે બે ડાઢાઓ નીકલી છે. તે એક એક ડાઢા ઉપર સાત સાત દ્વિપ છે એટલે સાતઅઠા છપન અંતરદ્વિપ જાણવા.

એ પ્રમાણે મનુષ્યના ૧૦૧ ભેદ જાણવા

દેવતાના ચાર ભેદ કહે છે.

૧ દસ ભુવનપતિ	૨ આઠવ્યંતર તથા આઠ વાણવ્યંતર
૩ પાંચ જ્યોતસિ	૪ બે વૈમાનિક

દસભુવનપતિનાં નામ કહે છે.

૧ અસુરકુમાર	૬ દિવકુમાર
૨ નાગકુમાર	૭ ઉદધિકુમાર
૩ સુવર્ણકુમાર	૮ દિસિકુમાર
૪ વિદ્યુતકુમાર	૯ વાયુકુમાર
૫ અગ્નિ કુમાર	૧૦ સ્તનિત કુમાર

આઠ વ્યંતર તથા આઠ વાણવ્યંતરના ભેદ કહે છે

૧ પિશાચ	૧ અણપન્નિ
૨ ભુત.	૨ પણપન્નિ
૩ યક્ષ	૩ ઇસિવાદિ
૪ રાક્ષસ.	૪ ભુતવાદિ

૫ કિન્નર	૫ કંદિ
૬ કિંપુરૂષ	૬ મહાકંદિ.
૭ મહોરગ	૭ કોહુંડ
૮ ગંધર્વ	૮ પતંગ

જ્યોતિસિનાં પાંચ ભેદ કહે છે.

ચંદ્ર. સૂર્ય. ગ્રહ. નક્ષત્ર. તારા.

વૈમાનિકના બે ભેદ કહે છે

૧ કલ્પ તે બારદેવલોક ૨ કલ્પાતિત તે નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરવિમાન

કલ્પતે બારદેવલોકના નામ કહે છે,

૧ સુધર્મ	૫ બ્રહ્મ.	૯ આનત
૨ ઇશાન	૬ લાંતક	૧૦ પ્રાણત્ત
૩ સનતકુમાર	૭ શુક્ર	૧૧ આરણ
૪ માહેંદ્ર	૮ સહસ્રાર	૧૨ અચ્યુત

કલ્પાતિત તે નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરવિમાન.

નવ ગ્રૈવેયકના નામ કહે છે.

૧ સુદર્શન
૨ સુપ્રતિબદ્ધ
૩ મનોરમ
૪ સર્વતોભદ્ર
૫ વિશાલ.
૬ સુમનસ
૭ સૌમનસ
૮ પ્રીતીકર
૯ આદિત્ય

પાંચ અનુત્તર વિમાનના નામ કહે છે.

૧ વિજય
૨ વૈજયત
૩ જયંત
૪ અપરાજત
૫ સર્વાર્થસિદ્ધ

એ સંસારી ભેદ કહ્યા.

હવે સિદ્ધના પંદર ભેદ કહે છે

તીર્થસિદ્ધ અતીર્થસિધ્ધ આદિદેશસિધ્ધના

પંદર ભેદ જાણવા. એ જીવનું સ્વરૂપ કહ્યું.

અથ ચોવિશ તીર્થંકરભગવાનના નામ.

૧ રૂષભદેવ. ૨ અજીતનાથ ૩ સંભવનાથ ૪ અભિનંદનપ્રભુ ૫ સુમતિનાથ ૬ પ્રદમપ્રભુ ૭ સુપાર્શ્વનાથ ૮ ચંદ્રપ્રભુ ૯ સુવિધિનાથ ૧૦ શીતલનાથ ૧૧ શ્રેયાંસનાથ ૧૨ વાસુપુજ્ય સ્વામિ ૧૩ વિમલનાથ ૧૪ અનંતનાથ ૧૫ ધર્મનાથ ૧૬ શાંતિનાથ ૧૭ કુંથુનાથ ૧૮ અરનાથ ૧૯ મલ્લિનાથ ૨૦ મુનિસુવ્રતસ્વામિ ૨૧ નમિનાથ ૨૨ નેમનાથ ૨૩ પાર્શ્વનાથ ૨૪ વર્ધ્ધમાનસ્વામિ. (મહાવીરસ્વામિ)

समाप्त.

અમારાં પ્રગટ થયલાં પુસ્તકો.

૧	યુગાદિ દેશના	કીં. રૂ. ૧-૦-૦
૨	તપાવલી	૦-૪-૦
૩	નામમાલા.	૦-૪-૦
૪	પંચપ્રતિક્રમણ સૂત્ર પોકેટ સાઇઝ જીવવિચાર નવતત્વ દંડક સંઘયણી આદિ ચાર પ્રકરણો સહિત.	૦-૪-૦
૫	અનિત્યાદિ ભાવના સ્વરૂપ	૦-૩-૦
૬	ત્રૈલોક્ય દીપિકા નામ બૃહત્સંઘયણી મૂળ.	૦-૪-૦

દરેકનું પોષ્ટેજ જુદું.

લખો:—

શા. માનચંદ વેલચંદ

ગોપીપુરા બંડખાં ચકલા સુરત.

છપાવી પ્રસિદ્ધ કરનાર-ઝવેરી ભુરામલજી જા

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું-લાલ બાગ, મુંબ

છાપનાર:—મુળચંદ કરસનદાસ કાપડિયા

છાપવાનું ઠેકાણું:—'જૈન વિજય' પ્રેસ, ખપાટ

ચકલા, તાસવાળાની પોળ, લક્ષ્મીનારાયણની વાડી—સુ